**VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY**
University Campus, Udhna-Magdalla Road, SURAT – 395 007
**વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી**
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના–મગદલ્લા રોડ, સુરત – ૩૯૫ ૦૦૭
**(Accredited B++ equivalent to Five Star status by NAAC)**
: 2227141 to 2227146 | : ૨૨૨૭૧૪૧ થી ૨૨૨૭૧૪૬
**Fax** : (0261) 2227312 | **ફેક્સ :** (૦૨૬૧) ૨૨૨૭૩૧૨
**Gram** : VNSGU | **તાર :** વીએનએસજીયુ
**E-mail :** sgu@sguernet.in

**ખાનગી** | **સિન્ડિકેટની સામાન્ય સભા**
**ફકત સભ્યોની જાણ માટે** | **તા. ૧૭–૧૦–૨૦૦૬**

સિન્ડિકેટની સામાન્ય સભા મંગળવાર, તા. ૧૭–૧૦–૨૦૦૬ ના રોજ બપોરે ૨: ૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયના સમિતિખંડમાં મળી હતી. જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

## –: કાર્યવાહી :–

| **ક્રમ** | | **તા. ૧૭–૧૦–૨૦૦૬** |
|---|---|---|
| ૧. | ડૉ. રમેશચંદ્ર જી. કોઠારી (કુલપતિશ્રી) | હાજર |
| ૨. | શ્રી જયેશ વી. દેશકર (ઉપ–કુલપતિશ્રી) | હાજર |
| ૩. | ડાયરેકટર ઓફ હાયર એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૪. | ડાયરેકટર ઓફ ટેકનીકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૫. | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસીસ એન્ડ મેડિકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૬. | આચાર્ય ડૉ. ભાસ્કર મહેન્દ્ર રાવલ | હાજર |
| ૭. | આચાર્ય શ્રી જયંતીલાલ મગનલાલ નાયક | ગેરહાજર |
| ૮. | ડૉ. કેશવભાઈ સી. પટેલ | હાજર |
| ૯. | ડૉ. શશીકાંત જી. શાહ | હાજર |
| ૧૦. | શ્રી હોશંગ જહાંગીરજી મીરઝા | હાજર |
| ૧૧. | શ્રી હેમંતકુમાર જેઠાલાલ ટોપીવાલા | ગેરહાજર |
| ૧૨. | શ્રી નૈષધ ભૂપતભાઈ દેસાઈ | હાજર |
| ૧૩. | શ્રી દિપક ઈશ્વરલાલ આફ્રિકાવાલા | હાજર |
| ૧૪. | શ્રી સંજયકુમાર ઈશ્વરલાલ દેસાઈ | હાજર |
| ૧૫. | શ્રી મયૂરભાઈ ચૌહાણ | હાજર |
| ૧૬. | આ. શ્રી યોગેશભાઈ લક્ષ્મીશંકર ભટ્ટ | હાજર |
| ૧૭. | શ્રી દિનેશભાઈ દાસા | ગેરહાજર |
| ૧૮. | ડૉ. ધનશ્યામભાઈ રાવલ | હાજર |
| ૧૯. | ડૉ. વિપુલ જમનાદાસ સોમાણી | હાજર |
| ૨૦. | આ.ડૉ. ઉપેન્દ્રભાઈ ઠાકોરભાઈ દેસાઈ | ગેરહાજર |

**આ. શ્રી જયંતીલાલ મગનલાલ નાયકે તેમના તા. ૧૧–૧૦–૨૦૦૬ના પત્રમાં જણાવ્યા અનુસાર તેઓ બહારગામ હોવાથી પ્રસ્તુત સભામાં હાજર રહેવાની અશકિત દર્શાવી હતી.**
**શ્રી હેમંતકુમાર જેઠાલાલ ટોપીવાલા બહારગામ જવાના હોવાથી પ્રસ્તુત સભામાં હાજર રહેવાની અશકિત દર્શાવી હતી, જેની જાણ કુલસચિવશ્રીને કરી હતી.**
**શ્રી દિનેશભાઈ દાસા બહારગામ જવાના હોવાથી પ્રસ્તુત સભામાં હાજર રહેવાની અશકિત દર્શાવી હતી, જેની જાણ કુલસચિવશ્રીને કરી હતી.**
**આ.ડૉ. ઉપેન્દ્રભાઈ ઠાકોરભાઈ દેસાઈએ તેમના તા. ૧૨–૧૦–૨૦૦૬ના પત્રમાં જણાવ્યા અનુસાર તેઓ બહારગામ હોવાથી પ્રસ્તુત સભામાં હાજર રહેવાની અશકિત દર્શાવી હતી.**

૧. સિન્ડિકેટ, તા. ૮–૯–૨૦૦૬ની સામાન્ય સભાની કાર્યવાહીની નોંધને બહાલી આપવા બાબત.

:: આથી બહુમતીએ ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટની તા. ૮–૯–૨૦૦૬ની સામાન્ય સભાની કાર્યવાહી નીચે જણાવેલ સુધારા વધારા સાથે મંજૂર કરવી.

**બાબત ક્રમાંકઃ (૩૬)**

પ્રતિષ્ઠાન વિકાસ અને બાંધકામ સમિતિના સભ્યોની સામેલ ઓર્ડિનન્સ–૧૨ અને યુ.જી.સી.ની દશમી પંચવર્ષીય યોજનાની સામેલ ગાઈડ લાઈન મુજબ નિમણૂંક કરવા અંગે વિચારણા કરવા બાબત.

:: આથી બહુમતીએ ઠરાવવામાં આવે છે કે, પ્રતિષ્ઠાન વિકાસ અને બાંધકામ સમિતિના સભ્યોની સામેલ ઓર્ડિનન્સ–૧૨ અને યુ.જી.સી.ની દશમી પંચવર્ષીય યોજનાની સામેલ ગાઈડ લાઈન મુજબ નીચે દર્શાવેલ સભ્યોની નિમણૂંક કરવામાં આવી છે.

(૧) ડૉ. શશીકાંતભાઈ શાહ (૨) શ્રી હેમંતભાઈ ટોપીવાલા
(૩) શ્રી સંજયકુમાર આઈ. દેસાઈ (૪) ડૉ. વિપુલભાઈ સોમાણી
(૫) પ્રો. અદિતી આર. હજારી (૬) શ્રી ગૌરાંગભાઈ વેસ્માવાળા

**ને બદલે**

:: આથી બહુમતીએ ઠરાવવામાં આવે છે કે, પ્રતિષ્ઠાન વિકાસ અને બાંધકામ સમિતિના સભ્યોની સામેલ ઓર્ડિનન્સ–૧૨ અને યુ.જી.સી.ની દશમી પંચવર્ષીય યોજનાની સામેલ ગાઈડ લાઈન મુજબ નીચે દર્શાવેલ સભ્યોની નિમણૂંક કરવામાં આવી છે.

(૧) ડૉ. શશીકાંતભાઈ શાહ (૨) શ્રી હેમંતભાઈ ટોપીવાલા
(૩) શ્રી સંજયકુમાર આઈ. દેસાઈ (૪) ડૉ. વિપુલભાઈ સોમાણી
(૫) પ્રો. અદિતી આર. હજારી (૬) શ્રી ગૌરાંગભાઈ વેસ્માવાળા
**(૭) શ્રી કૃષ્ણકાંત તમાકુવાલા (૮) ડૉ. વિભુતી જોશી**
**(૯) શ્રી દેવેન્દ્ર રંગરાજ**

**વંચાણે લેવું.**

૨. એપ્રિલ–૧૯૯૮માં લેવાયેલ ટી.વાય.બી.કોમ. પરીક્ષાની વિદ્યાર્થીની બેઠક નંબર– ૫૧૫૭ ખ્યાતિ ખગેશ સીસવાવાલાએ એસ.વાય.બી.કોમ. પરીક્ષાનો એક વિષય (કમ્પલસરી એકાઉન્ટન્સી) પાસ કર્યો ન હોવા છતા ટી.વાય.બી.કોમ. ની પરીક્ષામાં પાસ જાહેર થઈ જતાં તથા માર્ચ –૨૦૦૦ માં પદવી પ્રમાણપત્ર પણ મેળવી લીધું હોય એકેડેમિક કાઉન્સિલે તેની તારીખ ૦૩–૦૨–૨૦૦૬ની સભાના ઠરાવક્રમાંકઃ ૪૯ અન્વયે કરેલ ઠરાવ પર વિચારણા કરવા બાબત.

**<u>એકેડેમિક કાઉન્સિલની તારીખ ૦૩–૦૨–૨૦૦૬ની ભલામણઃ</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, સદર વિદ્યાર્થીનીને તેની બી.કોમ.ની પદવી પાછી કેમ ન ખેંચવી તે માટે કારણદર્શક નોટીસ આપવી તથા તેનો જવાબ મળ્યે નિયમાનુસાર પદવી પરત ખેંચવાની કાર્યવાહી હાથ ધરવી અને તે માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

સદર વિદ્યાર્થીની પાસે બધી જ મૂળ માર્કશીટો તથા કોલેજના આચાર્યશ્રીની લેખિત સ્પષ્ટતા મેળવવા અંગે કરેલ પત્રવ્યવહારની નકલ આ સાથે સામેલ છે.

સદર વિદ્યાર્થીની પાસે બધી જ મૂળ માર્કશીટો અંગે પત્રવ્યવહાર કરવા છતા જમા કરાવી નથી જે અંગે વિચારણા કરવા બાબત.

(પરીક્ષા)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતમાં કાનૂની સલાહ મેળવી આગળની કાર્યવાહી હાથ ધરવી.

૩. પરીક્ષા આચાર સમિતિની તા. ૨૯–૭–૨૦૦૬ની સભાની કાર્યવાહીની નોંધ તથા ભલામણો પર વિચારણા કરવા બાબત.

(પરીક્ષા)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પરીક્ષા આચાર સમિતિની તા. ૨૯–૭–૨૦૦૬ની સભાની કાર્યવાહીની નોંધ તથા ભલામણો **પરિશિષ્ટમાં** આપ્યા મુજબ મંજૂર કરવી.

**(પરિશિષ્ટઃ ક)**

૪. પરીક્ષા આચાર સમિતિની તા. ૫–૮–૨૦૦૬ની સભાની કાર્યવાહીની નોંધ તથા ભલામણો પર વિચારણા કરવા બાબત.

(પરીક્ષા)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પરીક્ષા આચાર સમિતિની તા. ૫–૮–૨૦૦૬ની સભાની કાર્યવાહીની નોંધ તથા ભલામણો **પરિશિષ્ટમાં** આપ્યા મુજબ મંજૂર કરવી.

**(પરિશિષ્ટઃ ખ)**

૫. પરીક્ષા આચાર સમિતિની તા. ૨–૯–૨૦૦૬ની સભાની કાર્યવાહીની નોંધ તથા ભલામણો પર વિચારણા કરવા બાબત.

(પરીક્ષા)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પરીક્ષા આચાર સમિતિની તા. ૨–૯–૨૦૦૬ની સભાની કાર્યવાહીની નોંધ તથા ભલામણો **પરિશિષ્ટમાં** આપ્યા મુજબ મંજૂર કરવી.

**(પરિશિષ્ટઃ ગ)**

૬. પરીક્ષા આચાર સમિતિની તા. ૧૩–૯–૨૦૦૬ અને તા. ૧૬–૯–૨૦૦૬ની સભાની કાર્યવાહીની નોંધ તથા ભલામણો પર વિચારણા કરવા બાબત.

(પરીક્ષા)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પરીક્ષા આચાર સમિતિની તા.૧૩–૯–૨૦૦૬ અને તા.૧૬–૯–૨૦૦૬ની સભાની કાર્યવાહીની નોંધ તથા ભલામણો **પરિશિષ્ટમાં** આપ્યા મુજબ મંજૂર કરવી.

**(પરિશિષ્ટઃ ઘ)**

૭. સિગ્મા ઈન્સ્ટિટયૂટ ઓફ ફાર્મસી, વડોદરાનું તૃતીય વર્ષ સુધીનાં ફાર્મસી અભ્યાસક્રમનું જોડાણ ૨૦૦૬–૨૦૦૭નાં વર્ષ સુધી આ યુનિવર્સિટી સાથે છે. શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭–૨૦૦૮નાં નવા વિદ્યાર્થીઓ ફર્સ્ટ બી.ફાર્મમાં દાખલ થશે તે વિદ્યાર્થીઓ તથા હાલનાં દ્વિતીય તથા તૃતીય વર્ષનાં વિદ્યાર્થીઓનું જોડાણ ૨૦૦૭–૨૦૦૮નાં શૈક્ષણિક વર્ષ માટે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત પાસેથી લેવાનું થશે કે ગુજરાત યુનિવર્સિટી સાથે લેવાનું થશે, તે અંગેનું માર્ગદર્શન માંગતા સદરહું સંસ્થાનાં આચાર્યશ્રીએ મોકલેલ તા.૪–૮–૨૦૦૬નાં પત્રાંકઃ એસ.આઈ.પી./ ૩૮૭/ ૨૦૦૬ ઉપર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સદર સંસ્થાનું શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭–૨૦૦૮થી પ્રથમ, દ્વિતીય, તૃતીય તથા ચોથા વર્ષનું જોડાણ ગુજરાત યુનિવર્સિટી પાસેથી મેળવી લેવા માટે મંજૂરી આપવામાં આવે છે. તથા પરીક્ષા સંબંધિત પ્રશ્નો અંગે નિર્ણય કરવા મા. કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે.

૮. ઉધના એકેડેમિક એજયુકેશન ટ્રસ્ટ, ઉધના, સુરત દ્વારા સંચાલિત બી.બી.એ. કોલેજ છે. આ કોલેજ માટે ધી સુરત પીપલ્સ કો.ઓ.બેંક લી. તરફથી દાન મળ્યું હોઈ, બીબીએ કોલેજનું નામ "ઉધના એકેડેમી કોલેજ ઓફ બિઝનેશ એડમીનીસ્ટ્રેશન" ને બદલે નવું નામ "ધી સુરત પીપલ્સ કો.ઓ. બેંક કોલેજ ઓફ બિઝનેશ એડમીનીસ્ટ્રેશન" રાખવાની મંજૂરી માંગતા પ્રસ્તુત ટ્રસ્ટના પ્રમુખશ્રીનાં તા.૨૧–૯–૨૦૦૬નાં પત્રાંકઃ ૪૯/ ૨૦૦૬–૨૦૦૭ ઉપર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, "ઉધના એકેડેમી કોલેજ ઓફ બિઝનેશ એડમીનીસ્ટ્રેશન" નું નામ તેમના પત્રમાં દર્શાવ્યા મુજબ "ધી સુરત પીપલ્સ કો.ઓ. બેંક કોલેજ ઓફ બિઝનેશ એડમીનીસ્ટ્રેશન" રાખવા માટેની મંજૂરી નિયમોનુસાર ફી લઈને આપવી.

૯. ઉચ્ચ શિક્ષણ કમિશ્નર વતી, ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગરનાં કસૂરવાર કોલેજોની બાબતમાં જોડાણ તાત્કાલિક અસરથી રદ કરવાની કાર્યવાહી કરવા વિશેનાં તા. ૨૩–૬–૨૦૦૬નાં પત્રાંકઃ ઉસક/ હાઈકોર્ટ જજમેન્ટ/ ૧૯૬૯/ ૦૬/ તપાસ/ ૯૫૮૭ (ફેક્ષ સંદેશ) સંદર્ભે ગુજરાત હાઈકોર્ટના સંચાલક મંડળોએ કરેલ વિવિધ **S.C.A.** ઉપર આપેલ નામદાર હાઈકોર્ટનાં ચૂકાદા ઉપર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉચ્ચ શિક્ષણ કમિશ્નર વતી, ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગરનાં કસૂરવાર કોલેજોની બાબતમાં જોડાણ તાત્કાલિક અસરથી રદ કરવાની કાર્યવાહી કરવા વિશેનાં તા. ૨૩–૬–૨૦૦૬નાં પત્રાંકઃ ઉસક/ હાઈકોર્ટ જજમેન્ટ/ ૧૯૬૯/ ૦૬/ તપાસ/ ૯૫૮૭ (ફેક્ષ સંદેશ) સંદર્ભે ગુજરાત હાઈકોર્ટના સંચાલક મંડળોએ કરેલ વિવિધ **S.C.A.** ઉપર આપેલ નામદાર હાઈકોર્ટનો છેવટનો ચૂકાદો ન આવે ત્યાં સુધી આ બાબત મુલતવી રાખવી.

૧૦. ભરૂચ જિલ્લા આર્દશ સેવા મંડળ, માંગરોલ, જિ.નર્મદા સંચાલિત શ્રી નર્મદા કોલેજ ઓફ એજયુકેશન બી.એડ્.નું સને ૨૦૦૬–૨૦૦૭ના એક વર્ષ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ અંગે નવા જોડાણ અંગેના વિવાદ/ મતભેદ થતાં સદરહુ ટ્રસ્ટ દ્વારા નામદાર હાઈકોર્ટ, અમદાવાદમાં સ્પે.સિવિલ એપ્લીકેશન નં– 9483/ 2006 દાખલ કરી હતી. પ્રસ્તુત બાબતે નામદાર હાઈકોર્ટે તા. 6-6-06 ના રોજ અરજદારની તરફેણમાં ચુકાદો/ હુકમ કરેલ છે. વધુમાં પ્રસ્તુત બાબતે યુનિ. ના એડવોકેટ શ્રી ધવલભાઈ સી. દવેનો તા. 24-6-06 ના આપેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(લીગલ સેલ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ભરૂચ જિલ્લા આર્દશ સેવા મંડળ, માંગરોલ, જિ.નર્મદા સંચાલિત શ્રી નર્મદા કોલેજ ઓફ એજયુકેશન બી.એડ્.નું સને ૨૦૦૬–૨૦૦૭ના એક વર્ષ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ અંગે નવા જોડાણ અંગેના વિવાદ/ મતભેદ થતાં સદરહુ ટ્રસ્ટ દ્વારા નામદાર હાઈકોર્ટ, અમદાવાદમાં સ્પે.સિવિલ એપ્લીકેશન નં– 9483/ 2006 દાખલ કરી હતી. પ્રસ્તુત બાબતે નામદાર હાઈકોર્ટે તા. 6-6-06 ના રોજ અરજદારની તરફેણમાં ચુકાદો/ હુકમ કરેલ છે. આથી યુનિવર્સિટી એકટનાં સંદર્ભમાં **NCTE**ને પાર્ટી બનાવીને આ હુકમને સુપ્રિમ કોર્ટમાં પડકારવો.

૧૧. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના નિરંતર અને વિસ્તરણ કાર્ય વિભાગના નિયામક (હાલ ફરજ મોકુફી હેઠળ) શ્રી નાનુભાઈ જોષીના ફરજ મોકુફી અંગેના કેસમાં સિન્ડિકેટે તેની તા.૨૫/૬/૨૦૦૫ની સભાના ઠરાવ નં.: ૩૧થી ઠરાવ્યાનુસાર ખાતાકીય તપાસ હાથ ધરવા બે (સભ્યોની) (૧) શ્રી હેમંતભાઈ મણીભાઈ દેસાઈ, એડવોકેટ અને (૨) શ્રી સુરેશભાઈ એન. રઘુવંશી, એડવોકેટની સમિતિ નિમવામાં આવી હતી. પ્રસ્તુત તપાસ સીમતિએ શ્રી નાનુભાઈ જોષીની ખાતાકીય તપાસ હાથ ધરી રજૂ કરેલા અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

(લીગલ સેલ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત સર્વાનુમતે મુલતવી રાખવી અને આ બાબતને આવનારી સિન્ડિકેટ સમક્ષ મુકવી.

૧૨. સરકારી એજયુકેશન કોલેજ, રાજપીપળા અને સ્નાતક તાલિમ વિદ્યાલય, વેડછીમાં રાજય પરીક્ષા બોર્ડ ગાંધીનગર દ્વારા ચાલતા ડિપ્લોમાં બેઝિક એજયુકેશન અભ્યાસક્રમ અગાઉ ચલાવવામાં આવતા હતા અને તે અંગેની **NCTE** ની મંજૂરી જે તે સંસ્થાએ લીધી હશે પરંતુ હવે પ્રસ્તુત સંસ્થાઓ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની સંલગ્ન સંસ્થા બની છે અને તેમના વિદ્યાર્થીઓને યુનિવર્સિટીની બી.એડ્.ની પદવી એનાયત થશે તો આ સંસ્થાઓએ **NCTE**ની અલગ મંજૂરી અંગે યુનિવર્સિટીએ આગ્રહ રાખવો કે નહિં તે અંગે એકેડેમિક કાઉન્સિલની ભલામણપર વિચારણા કરવા બાબત.

**<u>એકેડેમિક કાઉન્સિલની તા. ૧૪–૦૭–૦૬ ની સભાની ભલામણ ક્રમાંક : ૪૪</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, સરકારી એજયુકેશન કોલેજ, રાજપીપળા અને સ્નાતક તાલિમ વિદ્યાલય, વેડછીમાં રાજય પરીક્ષા બોર્ડ ગાંધીનગર દ્વારા ચાલતા ડિપ્લોમાં બેઝિક એજયુકેશન અભ્યાસક્રમ અગાઉ ચલાવવામાં આવતા હતા પ્રસ્તુત સંસ્થાઓને નાયબ સચિવ શિક્ષણ વિભાગે તેમના હુકમ ક્રમાંક શ. અ. મ/ ૧૦૦૩/ ૧૫૪૨ ખ–૧ તા. ૧૯–૦૪–૨૦૦૪થી પ્રસ્તુત અભ્યાસક્રમોને બી.એડ્. બેઝિક અભ્યાસક્રમ તરીકે અપડેટ કર્યા છે. અને તેથી આ સંસ્થાઓને અલગ **NCTE** ની મંજુરીની જરૂર રહેતી નથી.

(શૈક્ષણિક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની તા. ૧૪–૦૭–૦૬ની સભાની ભલામણ ક્રમાંકઃ ૪૪ નો યથાવત સ્વીકાર કરવો.

૧૩. એમ.એડ્. ના લઘુ શોધનિબંધમાં સૌથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીને સ્વ. જગનભાઈ પટેલ સુવર્ણચંદ્રક દર વર્ષે આપવામાં આવે છે તે વર્ષ ૨૦૦૬–૨૦૦૭થી રદ કરી દાનના વ્યાજમાંથી દર વર્ષે એક વ્યાખ્યાન યોજાય તેવી દરખાસ્ત શ્રીમતી વિદ્યાબહેન જગનભાઈ પટેલના તા.૨૫–૦૯–૨૦૦૬ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(શિક્ષણ વિભાગ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, એમ.એડ્. ના લઘુ શોધનિબંધમાં સૌથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીને સ્વ. જગનભાઈ પટેલ સુવર્ણચંદ્રક દર વર્ષે આપવામાં આવે છે તે વર્ષ ૨૦૦૬–૨૦૦૭થી રદ કરી દાનના વ્યાજમાંથી દર વર્ષે એક વ્યાખ્યાન યોજાય તેવી દરખાસ્ત શ્રીમતી વિદ્યાબહેન જગનભાઈ પટેલના તા.૨૫–૦૯–૨૦૦૬ના પત્રનો સ્વીકાર કરવો અને આગળની કાર્યવાહી હાથ ધરવી.

**૧૪.** કોમ્પ્યુટર સાયન્સ વિભાગ માટે સર્વર, પ્રોસેસર ખરીદવા તથા નેટવર્ક કરાવવા બાબત આવેલ ભાવપત્રકો પર વિચારણા કરવા બાબત.

નાણાંસમિતિની તા. ૬–૧૦–૨૦૦૬ના રોજ મળેલ સભાની ભલામણ ક્રમાંક:૧ મુજબ આવેલ ભાવપત્રકો બાબતે પાર્ટીઓના ભાવપત્રકમાં કેટલીક વિગતો અધુરી દર્શાવી હોવાથી તેઓને પત્ર લખી જાણ કરી માહિતી બંધ કવરમાં મંગાવવી. ત્યાર બાદ સિન્ડિકેટ આ અંગે નિર્ણય લેશે.

(હિસાબી વિભાગ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, કોમ્પ્યુટર સાયન્સ વિભાગ માટે કોમ્પ્યુટર (ડેસ્ક ટોપ ટાઈપ) ત્રણ વર્ષની વોરંટી સાથે કિંમત ગણતરીમાં લેતાં **Innovative Telecom and Software Pvt. Ltd., Surat** નું ભાવપત્રક સોથી ઓછું થતું હોઈ તે મંજૂર કરી, ભાવતાલ કરવા મા. કુલપતિશ્રીને સત્તા આપવી.

સર્વર અને પ્રોસેસરની ત્રણ વર્ષની વોરંટી સાથે કિંમત ગણતરીમાં લેતાં **Innovative Telecom and Software Pvt. Ltd., Surat** નું ભાવપત્રક સોથી ઓછું થતું હોઈ તે મંજૂર કરી, ભાવતાલ કરવા મા. કુલપતિશ્રીને સત્તા આપવી.

વધુમાં, નેટવર્ક લેબોરેટરી ઈકવીપમેન્ટસની ખરીદી માટે **Geo Systems., Surat** નું ભાવપત્રક સૌથી ઓછું થતું હોઈ તે મંજૂર કરી, ભાવતાલ કરવા મા. કુલપતિશ્રીને સત્તા આપવી.

**૧૫.** ઓર્ડિનન્સ પીએચ.ડી. (૧) અને (૧૦) ના હાલના નિયમમાં તેમજ પ્રવેશથી પરીક્ષા પરિણામ જાહેર કરવા સુધીના હાલના નિયમમાં સુધારા વધારા કરવા બી.યુ.ટી. ની તા. ૨–૯– ૨૦૦૬ ની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

**બી.યુ.ટી. ની તા. ૨ – ૯ – ૨૦૦૬ ની ભલામણ (ઠરાવ નં. ૩)**

: : આથી ઠરાવવામાં આવે છે કે, **Ph.D.** સંશોધન અભ્યાસના પ્રવેશ તથા તે અભ્યાસક્રમને આનુષાંગિક બાબતે હાલના નિયમમાં કરવામાં આવેલ નીચે મુજબના ફેરફારો એકેડેમિક કાઉન્સિલ તથા સિન્ડિકેટ સમક્ષ મંજૂરી માટે રજૂ કરવા ભલામણ છે.

(૧) **Ph.D.** સંશોધન અભ્યાસ કરવા ઈચ્છુક વિદ્યાર્થીઓ **O.Ph.D. 1 (I)(1) to (6)** (સુધારા સહિતનો) મુજબ પ્રવેશ પાત્રતા અંગે અને નવો આમેજ કરેલ **O.Ph.D. 1 (7)** **પરિશિષ્ટ : અ** તરીકે સામેલ છે.

(૨) **Ph.D. 10** સંશોધનાર્થીનો વાયવાની હાલની જોગવાઈમાં નવી જોગવાઈ **પરિશિષ્ટ : બ** મુજબ આમેજ કરવા ભલામણ છે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, **M.Phil.** અંગેના પ્રવર્તમાન નિયમો તેમજ **M.Phil.** અને **Ph.D.** ના માળખા અંગે જરૂરી સુધારા વધારાની ભલામણ કરવા માટે નીચે મુજબના સભ્યોની સમિતિની નિમણૂંક કરવી.

(૧) ડો. કે.એમ. પંડયા
(૨) ડો. એમ.એચ. પરબિયા
(૩) ડો. પી.એચ. ભાઠાવાલા
(૪) ડો. બી.વી. આચાર્ય
(૫) ડો. ઈ.વી. રામક્રિષ્ણન

**એકેડેમિક કાઉન્સિલની તા. ૫ – ૧૦ – ૨૦૦૬ નો ઠરાવ નં. ૩૭**

: : આથી ઠરાવવામાં આવે છે કે, **O.Ph.D. (1)** તથા **O.Ph.D. (10)** સુધારવા અંગે તેમજ **O.Ph.D. (1)(7)** નવો આમેજ કરવા અંગેની તેમજ તેને આનુષાંગિક **Ph.D. Rule No. 3** સુધારવા અંગે બી.યુ.ટી. તા.**2-9-2006** ની ભલામણ ક્રમાંક **(3)** મુજબ પરિશિષ્ટ (અ–બ–ક) માં બતાવ્યા પ્રમાણે મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

(અનુસ્નાતક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, **O.Ph.D. (1)** તથા **O.Ph.D. (10)** સુધારવા અંગે તેમજ **O.Ph.D. (1) (7)** નવો આમેજ કરવા અંગેની તેમજ તેને આનુષાંગિક **Ph.D. Rule No. 3** સુધારવા અંગે એકેડેમિક કાઉન્સિલની તા.૫–૧૦–૨૦૦૬ ભલામણ ક્રમાંક **(37)** મુજબ પરિશિષ્ટ: "બ" યથાવત મંજૂર કરવું અને પરિશિષ્ટ "અ" અને "ક" માં બતાવ્યા મુજબ સુધારા વધારા સાથે મંજુર કરવા.

**(પરિશિષ્ટ: ચ)**

**મા. કુલપતિશ્રીના પગલાંની નોંધ લેવા બાબત.**

૧૬. યુનિવર્સિટી સાયન્સ ઈન્સ્ટ્રુમેન્ટેશન સેન્ટર (યુસિક) માં યુજીસીના પત્ર ક્રમાંકઃ **F. No. 17-22/ 2005 (SR-III)** તા. ૨૪ જાન્યુઆરી, ૨૦૦૬થી દસમી પંચવર્ષીય યોજના હેઠળ એસ્ટાબ્લીસ ઇન્સ્ટ્રુમેન્ટેશન ફેસીલીટી સ્કીમ હેઠળ તા.૩૧–૩–૨૦૦૭ સુધીની મુદત માટે મંજૂર કરવામાં આવેલ એક ટેકનીશીયનની રૂા.૮૦૦૦/– પ્રતિ માસ ફીકસ્ડ પગારથી કોન્ટ્રાકય બેઝીસ જગા પર નિમણૂંક કરવા માટે તા.૧૯–૯–૨૦૦૬ના રોજ મળેલ સ્ટાફ સ્ટેન્ડિંગ કમિટિ (પસંદગી સમિતિ)ની સભાની ભલામણો અંતર્ગત આ જગા પર પસંદગી પામેલ ઉમેદવાર શ્રી મહેન્દ્ર જે. પટેલની ટેકનિશીયનની જગા પર નિમણૂંક કરવાના મા. કુલપતિશ્રીનાં પગલાંની નોંધ લેવા બાબત.

(વહીવટી )

:: આથી ઠરાવવામાં આવે છે કે, મા. કુલપતિશ્રીનાં ઉપરોકત પગલાંની નોંધ લેવી.

૧૭. એપ્રિલ/ મે–૨૦૦૬માં લેવાયેલ એફ.વાય.બી.કોમ. પરીક્ષાના બેઠક ક્રમાંકઃ ૧૭૨૭ વાળા પરીક્ષાર્થી અર્થશાસ્ત્ર વિષયની ઉત્તરવહીમાં કેટલાક જવાબો લીલા રંગની શાહીથી લખાયેલ છે. એ પ્રમાણેનો રિપોર્ટ પરીક્ષકશ્રીએ કર્યો હતો. પ્રસ્તુત રિપોર્ટ બાબતમાં આચાર સમિતિની તા. ૨૯/૭/૨૦૦૬ની સભામાં રૂબરૂ હાજર રહી એકરાર કરે છે. પ્રથમ વખત પરીક્ષા આપેલ છે. અને આન્સરબુકમાં શરૂઆતમાં ભુરી પેનથી લખેલ ઉત્તરવહીમાં લખતા–લખતા ભુરી પેન એક જ હતી જે ખલાસ થઈ ગઈ હતી. જેથી મારી પાસે લીલી પેન હતી, તેનાથી જવાબ લખેલ છે. આચાર સમિતિમાં આ બાબતે લેખિતમાં પણ રજુઆત કરેલ છે. આ તમામ સંજોગોને ધ્યાનમાં લેતાં તેમજ આચાર સમિતિએ આન્સરબુકનો અભ્યાસ કરતાં તેણે કરેલ મૌખિક રજુઆત તેમજ લેખિત પુરાવાને ધ્યાનમાં લેતાં તેનો ઈરાદો કોઈ ઓળખ છતી **(Identity)** કરવાનો ન હતો તેવું સંમિતિને સ્પષ્ટ લાગે છે.

પ્રસ્તુત બાબતમાં પરીક્ષા આચાર સમિતિની તા. ૨૯–૭–૨૦૦૬ની સભામાં નિર્દોષ જાહેર કરી પરિણામ જાહેર કરવા અંગેની ભલામણ સિન્ડિકેટને કરી હતી. સદર બાબત સિન્ડિકેટની મંજૂરીની અપેક્ષાએ મા. કુલપતિ સાહેબે આચાર સમિતિની તા. ૨૯/૭/૨૦૦૬ની બાબત ક્રમાંકઃ ૦૮ માં કરેલ ભલામણ વિદ્યાર્થીના હિતમાં માન્ય રાખી હોય, મા. કુલપતિશ્રી સાહેબના સદર પગલાંની જાણ થવા બાબત.

(પરીક્ષા)

:: આથી ઠરાવવામાં આવે છે કે, મા. કુલપતિશ્રીના ઉપરોકત પગલાંની નોંધ લેવી.

**અધ્યક્ષશ્રીની સંમતિથી નીચેની બાબતો રજૂ કરવામાં આવી હતી.**

૧૮. હરિહર ઠાકોર સ્મારક ટ્રસ્ટ તરફથી અર્થશાસ્ત્ર વિભાગના વિકાસ અને શૈક્ષણિક પ્રવૃત્તિઓ માટે રૂા. એક લાખનું અનુદાન મળ્યું છે. જેની નોંધ લેવા બાબત.

(હિસાબી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત પગલાંની નોંધ લેવી.

૧૯. શ્રી વિ.ઠા.ચોકસી સૂર્યપુર સંસ્કૃત મહાવિદ્યાલય, આમલીરાન, સુરત શૈક્ષણિક વર્ષઃ ૧૯૯૯–૨૦૦૦ થી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત સાથે જોડાયેલ છે. જે હવે શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ સાથે સરકારશ્રીનાં આદેશાનુસાર ગુજરાત રાજયની તમામ સંસ્કૃત પાઠશાળાઓ માટે જોડાણ લેવું જરૂરી હોઈ, સદરહું સંસ્થાનાં આચાર્યશ્રીએ મોકલેલ પત્રમાં જણાવ્યાનુસાર વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાંથી છુટા થવા અંગે વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી વિ. ઠા. ચોકસી સૂર્યપૂર સંસ્કૃત મહાવિદ્યાલયલ, આમલીરાન, સુરત તેમજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન અન્ય સંસ્કૃત પાઠશાળાને શૈક્ષણિક વર્ષઃ ૨૦૦૬–૨૦૦૭થી શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ સાથે પૂર્ણતઃ જોડાવાની વિનંતીને મંજૂરી આપવી.

૨૦. આગામી વર્ષે યોજાનાર સેનેટ ચૂંટણીમાં વિનયન વિદ્યાશાખાના સ્નાતકોના મતદાર વિભાગોમાંથી ઉમેદવારી નોંધાવવા પરવાનગી મેળવવા યુનિવર્સિટીના એક વહીવટી કર્મચારી શ્રી ભૂમેશ મોહનલાલ દેસાઈના આવેલ પત્ર તા. ૧૩–૧૦–૨૦૦૬ પર વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સેનેટ ચૂંટણીમાં યુનિવર્સિટી કર્મચારી માટે કોઈપણ વિદ્યાશાખાના સ્નાતકોના મતદાર વિભાગોમાંથી ઉમેદવારી નોંધાવવાની કાયદામાં વિશેષ જોગવાઈ ન કરેલી હોવાથી યુનિવર્સિટીના વહીવટી કર્મચારી શ્રી ભૂમેશ મોહનલાલ દેસાઈને આગામી વર્ષે યોજાનાર સેનેટ ચૂંટણીમાં વિનયન વિદ્યાશાખાના સ્નાતકોના મતદાર વિભાગોમાંથી ઉમેદવારી નોંધાવવાની મંજૂરી આપવી નહી.

૨૧. યુનિવર્સિટીમાં ખાલી પડેલ શૈક્ષણિક જગ્યાઓ ભરવા માટે બીજા તબકકાની $^{૧}/_{૩}$ જગ્યાઓ અને અંતિમ તબકકાની $^{૧}/_{૩}$ જગ્યાઓ ભરવા માટે શિક્ષણ વિભાગ, સવિચાલય, ગાંધીનગરના પત્ર ક્રમાંકઃ પરચ–૧૩૦૪–જી–૯૨–ખ, તા. ૧૭–૩–૨૦૦૬ના આવેલ પત્ર સંદર્ભમાં હાલ ૪૨ અને ૧ (એમ.એસ.ઓ. યુસીકના ડૉ. જે.પી. પટેલની વય મર્યાદાથી નિવૃત થયેલ ખાલી જગા ) કુલ ૪૩ ખાલી જગ્યાઓમાંથી બીજા તબકકાની $^{૧}/_{૩}$ પ્રમાણે ૧૪ જગ્યાઓ ભરવાની થાય છે. જે અંગે અગાઉની કાર્યવાહી અંતર્ગત માનનીય કુલપતિશ્રીના આદેશાનુસાર તા. ૨૨–૦૯–૨૦૦૬ના રોજ (૧) ડૉ. બી. વી. આચાર્ય, (૨) ડૉ. ઈ. વી. રામક્રિષ્નાન, (૩) ડૉ. એસ. જી. શાહ, (૪) ડૉ. એમ.એચ. પરબીયાની બનેલી સમિતિ મળી હતી જે સમિતિએ કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત જગ્યાઓ ભરવા માટેની મંજૂરી આપવામાં આવે છે અને આગળની કાર્યવાહી માટે માનનીય કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે.

૨૨. સને ૨૦૦૬–૨૦૦૭ના શૈક્ષણિક વર્ષ માટે યોજાનાર આંતર યુનિવર્સિટી રમગ–ગમત સ્પર્ધામાં ભાગ લેવા માટે ઘડેલ અંદાજપત્ર મંજૂર કરવા બોર્ડ ઓફ સ્પોર્ટસ ફિઝીકલ એજયુકેશન એન્ડ રીક્રીએશનની સભાએ તેની તા. ૯–૧૦–૨૦૦૬ની સભાના ઠરાવ નં.૪ હેઠળ કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત.

:: આથી ઠરાવવામાં આવે છે કે સને ૨૦૦૬–૦૭ના શૈક્ષણિક વર્ષ માટે યોજાનાર આંતર યુનિવર્સિટી રમગ–ગમત સ્પર્ધાઓમાં ભાગ લેવા માટે કાર્યાલયે ઘડેલ વિગતવાર માહિતી સાથેનું અંદાજપત્ર મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સને ૨૦૦૬–૦૭ના શૈક્ષણિક વર્ષ માટે યોજાનાર આંતર યુનિવર્સિટી રમગ–ગમત સ્પર્ધાઓમાં ભાગ લેવા માટે કાર્યાલયે ઘડેલ વિગતવાર માહિતી સાથેનું અંદાજપત્ર **પરિશિષ્ટ**માં આપ્યા મુજબ મંજૂર કરવું.

**(પરિશિષ્ટઃ છ)**

૨૩. નવસારી મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ અને એસ.બી.ગાર્ડા આર્ટ્સ એન્ડ પી.કે.પટેલ કોલેજ ઓફ કોમર્સના પ્રથમ વર્ષ બી.એ./ બી.કોમ.માં પ્રવેશ મેળવવા વિદ્યાર્થીઓના એનરોલમેન્ટ કરવા અંગે વિચારણા કરવા બાબત.

(શૈક્ષણિક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, નવસારી મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ અને એસ.બી.ગાર્ડા આર્ટ્સ એન્ડ પી.કે.પટેલ કોલેજ ઓફ કોમર્સના પ્રથમ વર્ષ બી.એ./ બી.કોમ.માં કેન્દ્રીય પ્રવેશ સમિતિ સિવાય કોઈ પ્રવેશો આપેલા હોય તો તે પ્રવેશોની નોંધણી કરવી નહી.

કેન્દ્રીય પ્રવેશ સમિતિ સિવાય ઈ.ચા.આચાર્યએ જો પ્રવેશ આપ્યા હોય તો મેનેજમેન્ટને બોલાવી ઈ.ચા. આચાર્યશ્રીને બદલવા માટેની કાર્યવાહી કરવા મા. કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, કેન્દ્રીય પ્રવેશ સમિતિ સિવાય પ્રવેશો બારોબાર અપાયા છે કે કેમ તે તપાસવા મા. કુલપતિશ્રીને સત્તા આપવી.

યુનિવર્સિટી કાર્યાલય, સુરત
ક્રમાંકઃ એસ–૧ (૧)/૧૧૬૭૩ /૨૦૦૬ **કુલસચિવ**
તા. ૧૬–૧૧–૨૦૦૬

પ્રતિ,
સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ.....